# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

**<u>અખબારી યાદી</u>**

## રાજકોટ મહાનગરપાલિકા તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આયોજીત " સૌરાષ્ટ્ર બુકફેર એન્ડ લીટરચેર ફેસ્ટીવલ - ૨૦૨૦" ના ૧૫ ફૂડ સ્ટોલની હરાજી તા. ૨૦ જાન્યુઆરીએ

તા. ૧૭-૦૧-૨૦૨૦

રાજકોટ મહાનગરપાલિકા તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે રાજકોટ શહેરમાં " સૌરાષ્ટ્ર બુકફેર એન્ડ લીટરચેર ફેસ્ટીવલ ૨૦૨૦" નું તા.૨૫/૦૧/૨૦૨૦ થી તા. ૨૯/૦૧/૨૦૨૦ દરમ્યાન ડી.એચ.કોલેજ ખાતે કરવામાં આવેલ છે. આ બુકફેરમાં જુદા જુદા બુકસ્ટોલ ઉપરાંત મુલાકાતીઓ માટે ફુડ કોર્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ બુકફેરમાં ખાણી-પીણીના કુલ - ૧૫ ફુડ સ્ટોલ રાખવામાં આવશે, જે ફુડ સ્ટોલની હરાજીની પ્રક્રિયા રાજકોટ મહાનગરપાલિકા, ઢેબર રોડ ના મધ્યસ્થ હોલ ખાતે તા.૨૦/૦૧/૨૦૨૦ ને સોમવાર ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રાખેલ છે. જેમાં ખાણીપીણીના વેપારીઓને ભાગ લેવા આમંત્રીત કરવામાં આવે છે. આ અંગેની વિશેષ માહિતી રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ www.rmc.gov.in પરથી મળી શકશે.

આરોગ્ય અધિકારી

રાજકોટ મહાનગરપાલિકા